ફોજદારી કેસ નંબર -

## <u>આંક - ૧ તળે હુકમ</u>

૧. વિ.એ.પી.પી.શ્રી ની હાલની આંક - થી કેસ પરત ખેચવાની વીથ ડ્રો પુરશીશ વંચાણે લીધી, રેકર્ડ વંચાણે લીધુ. રેકર્ડ જોતા સદર કેસ ઘણા સમયથી ડોરમેન્ટ ઉપર ચાલી આવેલ છે.

૨. સદર કેસ ડોરમેન્ટ હોય અને ઘણો વર્ષ જુનો હોય સદર કેસને બોર્ડ ઉપર ચાલુ રાખવાથી તેનો આખરી નિકાલ મેરીટ પર થાય તેવી કોઇ શક્યતા જણાય આવતી નથી.

૩. આમ, સદર કેસમાં ત.ક.અમલદારશ્રી અગર તો સબંધિત પો.સ્ટે.ના બજવણી કરનાર કર્મચારી આરોપી/જામીનદાર/ભોગબનનાર/ફરીયાદી સામેના સમંસ/વોરંટ/નોટીસની બજવણી કરવામાં શરૂઆતથી નિષ્ફળ નીવડેલા હોય અને આજદિન સુધી આરોપી મળી આવેલ ના હોય ક્રિ.પ્રો.કોડની કલમ - ૩૨૧ અન્વયે આ ફોજદારી કેસ પરત ખેચવા વિ.એ.પી.પી.શ્રીને પરવાનગી આપવામાં આવે છે.

૪. સદર કેસ વિ.એ.પી.પી.શ્રીની ક્રિ.પ્રો.કોડની કલમ - ૩૨૧ ની વીથ ડ્રો પરશીશને આધારે ફેંસલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૫. સંદર્ભ - કલેકટર અને જીલ્લા મેજીસ્ટ્રેટની કચેરી, ના નં.એમએજી/ડોરમેન્ટ કેસ/વશી./ ૧૯૪૪ - ૫૨/૨૦૨૨ તા.૨૩/૦૬/૨૦૨૨, તેમજ મહેરબાન જીલ્લા સરકારી વકીલશ્રી નાઓનો પણ આ બાબતે હકારાત્મક અભિગમ હોય જે ધ્યાને લેવામાં આવેલ છે.

૬. જો મુદામાલ અંગે જો કોઇ વચગાળાનો હુકમ કરવામાં આવેલ હોય તો તેને કાયમી કરવામાં આવે છે અને જો કોઇ વચગાળાનો હુકમ કરવામાં આવેલ ન હોય તો કાયદેસરની કાર્યવાહી અનુસરી મુદ્દામાલનો નિકાલ કરવાનો રહેશે.

હુકમ આજ તારીખ ૨૬ મી માહે જુન સને ૨૦૨૨ ના રોજ સ્પેશીયલ સીટીંગમાં જાહેર કર્યો.

તા. ૨૬/૦૬/૨૦૨૨
સુરત

(શ્રીમતી એમ.વાય.સ્વામી)
એડિશનલ સિવીલ જજ અને
જ્યુડી.મેજી.ફ.ક.સુરત
જજ કોડ નં. જીજે૧૨૩૨